# ગુજરાતની ગ્રામીણ અર્થવ્યવસ્થા

ડૉ. વી. એસ. વ્યાસ
અનુ. રમેશ બી. શાહ

4
7
236

Scanned with CamScanner

પ્રકાશક :
ગુજરાત સામાજિક સેવા મંડળ
C/o એચ. કે. આર્ટ્સ કોલેજ
ર. છો. માર્ગ, અમદાવાદ-૯

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO)માટે તૈયાર કરવામાં આવેલો આ અહેવાલ સંગઠનની અનુમતિથી ગુજરાતીમાં પ્રગટ કરવામાં આવ્યો છે.

X.44318
69.7
COH-ECO236

© ડી. વી. [illegible]
આંતર રાષ્ટ્રીય શ્રમ સંગઠન, જિનિવા

પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર, ૧૯૭૮

કિંમત રૂ. ૧૨-૦૦

H.K. Arts Library
C ECO 236

મુદ્રક :
બીખાભાઈ ડી. પટેલ,
શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસ,
૮, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,
શાહીબાગ રોડ, અમદાવાદ-૧.

ગુરુ પ્રાધ્યા. શ્રી. મોહનલાલ દાંતવાલાને
त्वदीयं वस्तु गोविंद तुभ्यमेव समर्पये ।
-વિજયશંકર વ્યાસ

Scanned with CamScanner

# નિવેદન

આજે સરકારને અને બીજી સામાજિક સંસ્થાઓને સમાજના કેટલાયે પ્રશ્નોની બાબતમાં હકીકતોની અને તેમના આંતરસંબંધોની વિશિષ્ટ જાણકારી વિના જ આશરે આશરે પગલાં ભરવાં પડે એવી પરિસ્થિતિનો મુકાબલો કરવો પડતો હોય છે. બીજી બાજુએ યુનિવર્સિટીઓ અને સંશોધન-સંસ્થાઓમાં વિવિધ પ્રશ્નો પર મહાનિબંધો (થીસિસ) કે અભ્યાસલેખો (ડિસર્ટેશન્સ)ના સ્વરૂપમાં અનેક પ્રશ્નોનાં વિવિધ પાસાંનો આકીઓપાતળો અભ્યાસ થતો રહે છે. આ બધા જ મહાનિબંધો અને અભ્યાસલેખો પ્રગટ કરવા યોગ્ય હોતા નથી, એટલે કે બધાંનો અનુબંધ વાસ્તવિક જીવન સાથે હોતો નથી. પરંતુ કેટલાંક સંશોધનો સામાજિક પ્રશ્નોના સંદર્ભમાં અવશ્ય ખપ લાગે એવાં હોય છે. એટલે સંશોધનસંસ્થાઓના દફતરમાં તે પડી રહેવાં ઘટતાં નથી. આ દૃષ્ટિથી ગુજરાત સામાજિક સેવા મંડળે ગુજરાત અને ભારતના સમાજજીવનની વિવિધ સમસ્યાઓનાં વિભિન્ન પાસાં પર પ્રકાશ પાડનારાં તેમ જ નીતિઘડતરના દૃષ્ટિબિંદુથી ઉપયોગી હોય તેવાં સંશોધનો કે અભ્યાસોને લઘુગ્રંથના સ્વરૂપે પ્રગટ કરવાની યોજના હાથ ધરી છે.

આ યોજનાના ઉપક્રમે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેંટના અધ્યક્ષ ડૉ. વી. એસ. વ્યાસનો આ લઘુગ્રંથ પ્રગટ કરતાં અમને આનંદ થાય છે. દેશમાં આજે આયોજન ગ્રામાભિમુખ અને રોજગારીલક્ષી બની રહ્યું છે ત્યારે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી અને ગરીબીનિવારણની સમસ્યા પર કેન્દ્રિત થયેલો આ અભ્યાસ, ગુજરાતમાં આર્થિક નીતિ ઘડનારાઓને તેમ જ ગુજરાતની ગ્રામીણ અર્થવ્યવસ્થાના અભ્યાસીઓને ઉપયોગી નીવડશે એવી આશા છે.

અમદાવાદ
તા. ૫-૧૦-'૭૮

**યશવંત શુક્લ**
પ્રમુખ, ગુજરાત સામાજિક સેવા મંડળ

Scanned with CamScanner